એક રમુજી હાસ્યજનક વાંચવા લાયક કાવ્ય

વાવડી ચસ્કી

યાને અદેખાઈનું ફળ.

બનાવી પ્રગટ કરનાર

હરીલાલ ભગવાનલાલ વૈદ્ય.
અધીપતિ આયુસા આરોગ્યવર્ધક ઔષધાલય
અમદાવાદ—માંડવીની પોળ.

અમદાવાદ
સીવીલ હસ્પીતાલ સામે શેઠ પાનાભાઈની વાડીમાં
વિશ્વંભર પ્રેસમાં ઈશ્વરદાસ વૈકુંઠદાસે છાપ્યું.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કીમત ફક્ત દોઢ આનો.

પાત્ર વર્ગ.

નરસીઓ ... ...નાગરવાડાનો હજામ.
નાથુડી. ... ...નરસીયાની વહુ.
ભગલો ... ...નરસીયાનો છોકરો.
છપ્પનશાહ... ... ...વણીક વેપારી.
બબ્બલીયો... ... ...છપ્પનશાહનો ગુમાસ્તો.
મણી શેઠાણી ... ...છપ્પનશાહની વહુ.

ભુરીયો
ખોડીયો
લલ્લવો
} નરસીયાના સગા હજામો.

લાડુશંકર ... ...ગોર મહારાજ

ગાંમજા, ગાંયણીઓ, ગામના લોકો, સીપાઇયો ટપાલવાળો વીગેરે.

વાવડી ચસ્કી.

અંક ૧ લો.

સ્થળ—રંગભુમાં

પાત્ર—સુત્રધાર, ને વિદુષક.

સુત્રધાર—(વીણા વગાડતો વગાડતો પ્રવેશ કરે છે.)

કરમ કર મેરે હાલપર અયે કરીમ એ રાગ.

જગતના પતી એક તું સુખ સ્વરૂપ,
રહ્યો વ્યાપી સર્વ સદા તું અનુપ. જગતના.
કરી મ્હેર સૌપર દુઃખ ટાળજે;
દઇ સુખ વારી સુખી રાખજે. જગતના.
સુબુધ્ધિ સુવિદ્યા સૂરજ સ્થાપજે.
કુબુદ્ધિ કુવિદ્યા દુરજ કાપજે. જગતના.

(સ્તુતિ કરી રહ્યા બાદ શ્રોતાજનો પ્રત્યે પ્રેમ અને વિનયથી)

સુત્રધાર—આર્ય ભ્રાતો! આજની રળીયામણી રજનીએ હું આપની સમક્ષ એક નાનકડી બાબતપર એક વાવડી ચસ્કીનું રસીલું હાસ્ય ભજવી બતાવનાર છું. તે આપ એકાગ્ર ચિત્તે શ્રવણ કરશો એવી આશા છે (શ્રોતાઓ તેને તાળીઓ પાડી માન આપે છે. તેમ સુત્રધાર તેમને પુષ્પથી વધાવી લે છે. તેવામાં ને પથ્યમાં

વિદુષક—આશા છે તો આ પત્રાળી લે! અને ચાહ્ય સાગી સાથે.

સુત્રધાર—વાહરે વિદુષકજી! વાયદા પ્રમાણે પધાર્યા તો ખરા.

વિદુષક—કેમરે જીભડી આગળ ચાલવા લાગી કે ? વાયડો શું ને તારો બાપ કાં તો મગ, ચોળા, ને તુવેરો ! બંદાને વાયડા બાયડા ન સમજતો ! અમે તો અલાયદા બાઈડા છીએ બાઈડા ! સમજ્યો કે ?

સુત્રધાર—હવે માથાફોડ મુકી ચાલ્ય મારૂં કહ્યું સાંભળી શકે! (ને પડદામાં—હું કયાં ના કહુ છુ ને મારો વાંક કાઢવા માંડયોછે.)

વિદુષક—હવે બધી પંચાત મુકી દીડને પેલા નરસીયાને ઘેર જોનો ખરો કે ત્યાં કેવી ધમાચકડી ધણી ધણીયાણીને ચાલી રહી છે ! (જાય છે)

પ્રવેશ ૧ લો.

સ્થળ—નરસીયાનું ઘર.

પાત્ર-નરસીયો, નાથુડી, ભગલો તથા ઘરાક અને લાડુશંકર

નરસીયો—જો હવે મારૂ કહ્યું સાંભળી શકે ?

નાથુડી—હું કયાં ના કહું છું તે મારોવાંક કાઢવા માંડયો છે !

નરસીયો—લે ત્યારે સાંભળ, આજે લાડુશંકર ગોર લગનનું નક્કી કરવા આવનારછે, માટે આપણે તે વખતે આનાકાની કરવીજ નહીં. કારણકે નાથીયો થયો મોટો તેમ કન્યાનો છે. ટોટો, સારે હાથ ધોવા પાણીનો લોટો, કોણ આપે છોટો કે મોટો ?

નાથુડી—એતો ઠીક ! પણ મારા સુડાની ચીજો ઉકલી ગ ઇછે તેનું શું કરવુછે ?

ભગલો—(દોડતો આવી) બાપા ! બાપા! ઘરાક આવ્યુંછે તે દોડો બોલાવેછે.

નરસયો—મારૂં ત્યાં શું કામ છે? જા આ ખીંટીપર કંકું ચળીછે તે લઇ વતુ કરી આવ્ય.

ભગલો—પણ બાપા કદી વત્તાને બદલે ઓછું કરૂં તો કેમ

નરસીયો—(ખીજવાઇને) હવે જાને ગધેડીના મારી પણ મશ્કરી કરતાં શીખ્યો કે ? (ભગલો જતો રહેછે.)

નાથુડી—આતે તમારી જીભ છે કે જીભડો ! તમારી લડાઇમાં મને ગાળો દોછોને !

નરસીયો—લે હવે બધી પંચાત મુક. જો પેલા ગોર આવ્યા (ગોર આવેછે)

ગોર— જે ગોપાળ! જે ગોપાળ !!

નાથુડી—આવો ગોર માહારાજ ! કેમ લગનનું નકી કર્યું કે!

લાહુશંકરગોર—એમાં તે વાધો પડે ! રામનું બાણ પછુ પડેતો મારૂં કામ પાછું પડે.

નરસીયો—ઠીક ત્યારે લ્યો આ દક્ષણા (રૂપીઓ આપેછે.) ને જાઓ એની સાગે કે તમને સીધુ કાઢી આપે.

લાહુશંકર—વારૂં જજમાન રાજા! (જાયછે)

નરસીયો—આલ ત્યારે હું પણ બજારમાંથી ખારેકો ખારેકો લઇઆવું. નહીતો બઇરાંને આપના બનેલશે ત્યારે શું કરશું. (જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ નરસીયાના ઘરનો ચોક.

પાત્ર—ગાનારાં બઇરાં, નાથુડી, તથા નરસીયો ને ભગલો.

ગાનારાં બઇરાં— **ગીત ૧ લું.**

આજ તોરણ માંડવે બાંધ્ય.રે;

આજ ભગાભાઈના વીવા સાંધ્યારે.
મારો ભગો ભાઇ ડાહ્યો ડમરોરે,
એમનો સાળો તો જાણે કાળો ભમરોરે.
મારા ભગાભાઈ પુનમના ચંદરે,
જાણે ગોપીમાં ઘુમી રહ્યા નંદરે;
મારા ભગાભાઇ બાહાદુર બળીયારે.
એમને જોઇ મોટા મોટા ધરણી ઢળીયારે.

ગીત ૨ જુ.

હુતો સરસત સ્યામને વીનવું રે;
હુતો ગણપત લાગુ પાય. વીવા વેહેલા આવીવા.
મારા ભગાભાઈ લાવે લાડવારે,
એમની ગોરી વહુ ગોખે બેઠી ખાયરે. વીવા વેહેલા.
મારા ભગાભાઇ લાવે લાલ ચુંદડી,
એતો ગોરી વહુ પેહેરી માહાલેરે. વીવા વેહેલા.
મારા ભગા ભાઇ લાવે ખાંડ ટોપરાં,
એતો ગોરી વહુ છાની છાની ખાય. વીવા વેહેલા.

ભગલો—માડી, ઓ માડી! હવે મા મને ખારેકો આપીદેને.

નાથુડી—અપાય છે પીટયા ગાંડા. તારે શી ઉતાવળ છે?

નરસીયો—એમને વેહેલાં ઘેર જવા દે, કારણ કે પરોઢીયામાં જાન લઇને જવાની છે તેથી વેહેલાં પરવારી તૈયાર થાય.

(લ્હાણી વેહેંચી સૌને વીદાય કરે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—ભાદ્રજ જવાનો રસ્તો

પાત્ર—જાનૈયા સ્ત્રી પુરૂષો

જાનૈયા—રાજા વાત કહું છું સાચી એ રાગ કેરબો)

જુઓ જુઓ ભમલાભાઇની ભાઇઓ જાન ચાલીરે,

જાન ચાલીરે લેશું લાલ મ્હાલીરે, જુઓ.

૧ જાનૈયો—લાડુ જલેબી ઘેબર ખાશું, ખાશું શીરોપુરી;

ખુબ ખાઇને હોક્કા તાણશું, જાણે ભરાણી જુરી. જુઓ.

૨ જાનૈયો—માગી તાગી લુગડા લાવ્યો શેહનો કરવા ઠાઠ;

રોફ શોફથી ફરશું રોજે, તજી દેઇ ઉચાટ. જુઓ.

૩ જાનૈયો—રમત ગમત કરશું ભરશું, ભાંગ કેરા લોટા;

લટકે મટકે લાલા ફરશું, ઓઢી ધોતી જોટા. જુઓ.

૪ જાનૈયો—ગાંજાનો ગુલાબી રંગ, દગ કરે દાતાર;

ખુબ સપાટા મારી ફુકી આનંદમાં રહેનાર. જુઓ.

૧ જાનૈયો—અલ્યા રાવળ, ગામની ભાગોળ આવી તોય ભુંગળો કેમ વગાડતા નથી?

રાવળો—પણ બાપા, ઢોલી ઢોલની દોરી બાંધી તૈયાર થાય ત્યારે વગાડીએને દાતા!

જાનૈયા—ઠીક ઠીક. જલ્દી કરોની (ઢોલ ભુંગળો વગાડતાં સૌ ગામમાં જાય છે).

પ્રવેશ ૪ થો.

સ્થળ—લગ્ન મંડપ

પાત્ર—વરકન્યા ગોર, બંન્ને તરફનાં માણસો.

ટાકુશંકર—વરકન્યા સાવધાન! નાંણા કોથળી સાવધાન!

બરફી પેંડા સાવધાન !!! ખાઓ પીઓ સાવધાન ! સોન ચોરી સાવધાન ! અગડંમ બગડંમ સાવધાન !!! કન્યાની માડી કંસાર પીરસવા આવેરે ભાઈ. ઈ–ઈ.

વરતરફના બઇરાં— **ગીત.**

એક ઝારા ઉપર ઝારીરે, એતો કન્યા થઈ અમારીરે,
એતો અમારાં કહ્યાં કરશેરે, એનીમાનાં બોલ્યાં નવ ધરશેરે

ગીત.

આવો આવો વેવાણો વેવલીરે.
જાઓ જાઓ આ ઝાંપડી કેવલીરે.
વરને પુંખતાં, નાક તાણી, કેવી પઠી, ઝંખવાણી !
જોયું જોયું તારૂ પાણી. આધું ઓઢી, કયાં શંતાણી
ઓયરે મટકો, વોયરે લટકો, વાહવાવેવાણ, આશો ચટકો.
સોપારીનો લઇને કટકો, ખાઓ જો ના હોયે ખટકો. સપોસપ

કન્યા તરફનાં બઇરાં— **ગીત.**

ઓલ્યા નરસીયા બાયડી બોડીરે,
એક આંખ્યે છે કાંણી પગે ખોડીરે
એની જગતમાં જડે નહીં જોડીરે.–ઓલ્યા.
એનું મોઢું વાંકું ને હોઠ જાડારે,
એતો કરે છીનાળ વહુ ચાળારે. ઓલ્યા.
એતો જાડી જાણે જોધલ્યો પાડોરે.
ચોરી ચોરી ખાય ખોપરાં દા'ડોરે.–ઓલ્યા.

જાનૈયા—હવે છાંના મરો છાનાં, બહુ થયું, આવાં ગીત તે ગવાયકે ? લ્યો ઉઠો ચાલો વ કન્યાને એકી બેકી રમાડી થાપા દેવરાવી દઇયે. (બધાં ઉતારા તરફ જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ ભાદ્રજની ભાગોળની વાવ.

પાત્ર—જાનૈયા ને વરરાજા તથા લોકો.

લલવો—અલ્યા જુલીયા ! યાર રાત્રે તો ઠીક ગમ્મત આવી હતી ! મારો વાહાલો બગલો હુશીયાર તો ખરો કે સાસુને નાક તાણવા ન દીધું ?

ખોડીયો—પણ યાર પાણીની બહુ પંચાત પડી. સાળુ મોંઢામા કોગળો પાણીએ નહોતું.

જુલીયો—પણ યાર ! આ ગામમાં તો પાણીની બહુ તાંણ છે ફક્ત આ પેલી સામેની વાવ છે તેનું પાણીજ મીઠું છે. બાકી તો ખારૂં ખારૂં અગર !

લલવો—ત્યારે આપડે તે વાવ ગામમા ઘસડી જઇયેતો કેવુ?

ખોડીયો—પણ શી રીતે ખેચવી તે તો કહે.

જુલીયો—ઓ તારા બાપનું બારમું થાય તારામાં એટલીએ અક્કલ નથી કે આ વાવના તોડાએ દોરડાં બાંધી બધા ખેંચીએ તો પછી કેમ ન આવે વારૂ ?

લલવો—પણ એટલાં બધા દોરડાં લાવવા ક્યાંથી ?

ખોડીયો—ગામમાંથી ! બીજે ક્યાંથી ?

જુલીયો—અરે પણ અક્કલના દુસ્મન ! આપણે દોરડાં લેવા જઇયે તો રાંડની ~~ચાલકી~~ સટકી ન જાયકે ? કારણ કે તેને આપણી વાત સાંભળી છે માટે હવે તો એમ કરો કે આપણી પાઘડીઓના છેડા બાંધી રાંડને ઘસડી જઇએ.

વરરાજા—સતર આનાને બે પાઇની વાત !

(બધા પાઘડીઓ ઉકેલી વાવ સાથે બાંધે છે ને ખેંચતા

માંડે છે આ તમાસો જોવા જતાં આવતાં લોકો ઉભા રહેછે.)

જાનૈયા—(છેડા પકડી) ખેંચો મારા બાપા! હઇસો આવી બાકુ ખઇને! હઇસો આવી ભેગા થઇને! ભાઇ આવી જોર કરીને! હઇસો ભાઇ.

(એવામાં પાઘડીયો ફાટવાથી ચરરરનો અવાજ સાંભળી.)

લોકો—અલ્યા જોરથી ખીચો! વાવડી ચસ્કી ખરી!

જાનૈયા—હંમ મારા બાપ! હઇસો ચાલી! એક સપાટે! હઇસો ચાલી! જોરથી ખેચો! હઇસો વવડી ચસ્કી.

(ખુબ જોરથી ખેંચવાથી પાઘડીઓ તુટી જવાથી બધા એક મેકની ઉપર ભરરર ભસ કરતાં પડે છે. તેમાં કઇકનાં હાડકાં રગાય છે તે જોઇ લોકો)

લોકો—વાહરે ચસ્કી! વાવડી ખેંચી તો ખરી! હત તમારો ખુનના ગાંડા મારૂ તમારી! કંઇ અક્કલ ફુટી ગઇ છે તે વાવડી ખેંચી જાઓ છો! આજ ભાંગ ગાંજાની ખુબી જણાવતા હશો વારૂ!

જાનૈયા—પણ અમે તો તમારા માટે મેહેનત કરતા હતા કે પાણીનુ દુઃખ ટળે!

લોકો—જાઓ! ગમાર જાઓ! ફોકટની વાવડી ચસ્કાવી મારી!

(જાનૈયા એથી ખીજવાય છે, ને આખા ગામમાં એ વાત ફેલાય છે તેથી તેમને વાવડી ચસ્કી કહી ખીજવે છે હજુ પણ આ કહેવત જગ પ્રસિદ્ધ છે.)

અંક સમાપ્ત.

અંક ૨ જો.
પ્રવેશ ૧ લો.

સ્થળ—છપ્પનશાહનુ ઘર.

પાત્ર—છપ્પનશાહ, નરસીયો, મણીશેઠાણી, ધબ્બલીયોને ટપાલવાળો.

છપ્પનશાહ—(હજામત કરાવતાં) અલ્યા નરસીઆ ! તે અ-ભવાની જાનમાં તો ઘણી નામના કરી વારૂ.

નરસીયો—માબાપ, એમાં મારો શો વાંક. એતો સાળા ટેખળી ટેખળી ભેગા થઇ નાહક અમારી ન્યાતને લજવી મારી. પ્ર ણુ બાપા હવે તમે જાણો છો તો ખરા કે મારા ઘરમાં ખરચ વધ્યું તેથી કંઇ વેપાર બતાવોતો ઠીક.

છપ્પનશાહ | અલ્યા વેપારમાં તારૂં કામ નહીં હું તારે કરેછે તેજ સારૂં છે.

મણીશેઠાણી—પણ એમાં બાપડાનું પુરૂં ન થતું હોય ત્યા રે શું કરે?

ધબ્બલીયો—પાંચ ઘરાક વધારે મુંડે (એવામાં ટપાલ વાળો સીપાઇ)

ટપાલવાળો—છપ્પનશાહ છપ્પનશાહ લખપતી !

ધબ્બલીયો—લાવો કાગળ (સીપાઇ કાગળ આપી જાયછે.)

છપ્પનશાહ—અલ્યા ધબ્બલીયા ? વાંચ જોઇયે શું લખ્યું છે.

ધબ્બલીયો—સાહેબ આતો પેલા આપણા આડતીયાયે લખ્યું છે કે લશ્કર તમારી તરફ આવનાર છે, માટે માલ સંઘરી રાખજો.

છપ્પનશાહ—[મનમાં) આ લાગ ઠીકછે આ રાંડના ગાંય જની કમ બખતી આજ પુરી ઉતારૂં. (પ્રકાશ) ત્યારે જાતું મો-દીખાને જઇ સીધુ બધું ખરીદી લે ને પછી અહીં આવજે કે હું.

ભાજી મંગાવું તે સહી કરી લેવી કારણ કે એ લોકો શાકમાં તો તાંદળજાની ભાજીજ ખાયછે માટે જા તાકીદ કર.

ધબ્બલીયો—જેવી આપની ઇચ્છા એમ કહી જાયછે.

નરસીયો—(હજામત ઉતાવળથી કરતાં મનમાં] હાશ આજ લાગ આવ્યો શેઠનો ગુમાસ્તો સીધુ સહી કરી આવે તે પેહેલાં હું બધી ભાજી ખરીદી લઉ કે મારૂં કામ થઇ જાય (પ્રકાશ) શેઠ બગલ ઉઘાડો.

છપ્પનશાન—અલ્યા આજતો વેહેલી હજામત કરી રહ્યો વારૂ

નરસીયો—ભાઈ સાબ, આજ લગીર ઉતાવળ છે તેથી. (મનમાં) બચ્ચાજી, આજ આવો રળવાનો વખત મુકી અહીં થી ઓકાંણુ માંડવા રહું.

છપ્પનશાહ—ઠીક ત્યારે જા ઉતાવળો (તેના ગયા પછી) બેટમજી! તું મને ઠગે છે પણ આ વાણીઓ કયાં કાચો હતો તે તારાથી ઠગાય! (શેઠાણીને) લ્યો ઉઠો, હવે પાણી કાઢો હું નાહી લઉં.

મણી શેઠાણી—હો ત્યારે (બંને જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—શાક બજાર.

પાત્ર—નરસીયો, તથા કાછીયા, પાછળથી ધબ્બલીયો.

નરસીયો—(હરખાઇને)

બરી આવુ રૂપીયા જુઓ મઝા એ રાગ.

રળી લાવું રૂપીયા ઘણા ઘણા;
ઘણા ઘણા, પછી લટક મટકથી ફરશું સદા. રળી લવું.
ભાજી ભરી ભરી ભરૂં વખારો,

લાભ એમાં ઘણો ભાઇ, ભાઇ આનંદ મજા. રજી લાવું

બસ બસ હવે બદાનો બેડો પાર! આપણે હવે મોટા ધન્ને તરની પણ હજામત કરવાના નથી. હવે તો નોકર ચાકરો રાખી કામ કરા વાના

૧ લો કાછીયો—વંતાક જઇના દોઢશેરરે ભાઇ ઈંઇ

૨ જો કાછીયો—ચાલોળા સવાશેરરે ઘરા ઓ ઓ

૩ જો કાછીયો—મોગરી જઈ શેરરે ભાઇ ઈંઇ ઇ.

નરસીયો—અલ્યા ભાજી શા ભાવે આપી.

કાછીયો—દોઢશેર ભાઇ દોઢસેર.

નરસીયો—અલ્યા પણ મણનું શું લેછે?

કાછીયો—મણના પાંચ આના.

નરસીયો—કેટલા મણ છે તારી પાસે? ચાલ જેટલી હોય તેટલી જોખી આપ.

કાછીયો—તમારે જોઇએ છે કેટલી?

નરસીયો—જેટલી હોય તેટલી.

કાછીયો—ત્યારે ઉભા રહો બધાને પુછી આવું.

નરસીયો—ઠીક જલ્દી કર-(કાછીયો બીજા કાછીયાઓને પુછવા જાયછે એવામાં ધબ્બલચંદ આવે છે) કેમ શેઠ શીદ જઇ આવ્યા?

ધબ્બલશીયો—મોદીની વખારે હવે શેઠને ત્યાં જઇશું. પણ તમે અહીં કેમ આવ્યા છો.

નરસીયો—શાક લેવા તમે જરા મને સાંજરે મળજો હોકે!

ધબ્બલશીયો—વારૂ હું જઉછું (એમ કરી જાયછે એટલામાં કાછીયો આવી.)

કાછીયો—બધી બજારની ભેગી કરતાં ચૌદસો મણ થાયછે કૂમ રાખવીછે.

નરસીયો—હા. સહી લે ચાલ માગી સાથે હું રૂપીયા આપું (બને જાયછે.)

પ્રવેશ ૩ જો.

પાત્ર—નાથુડી, ભગલો, પાછળથી નરસીયો ને કાછીયો.

નાથુડી—અલ્યા ભગલા, જોને હજુ તારા બાપા કેમ નથી આવ્યા !

ભગલો—એ આવે જો ખડકીમાં
(એટલામાં નરસીયો કાછીયા સાથે આવે છે)

નરસીયો—અલી સાંભળે છે ? મેડેથી પટારામાંથી રૂપીઆ લાવને ?

નાથુડી—લાવું છું (કહી મેડે જાય છે. જતાં જતાં) આજ આમને શુ ભુત ભરાયું છે.

ભગલો—બાપા, શું આમને રૂપીયા ધીરવાના છે ?

નરસીયો—ના બેટા. એ તો આપણે એમનો માલ ખરીદ્યો છે તના રૂપીયા આપવાના છે (એટલામાં નાથુડી આવી રૂપીઆ આપે છે તે કાછીયાને આપે છે)

કાછીયો—(રૂપીઅ લઇ) પણ શેઠ તોલ ઉપર તમારા માણસને મોકલો, ને તે ક્યાં ભરાવવી છે ?

નરસીયો—તમારીજ વખારમાં ભરાવજો. અમે તમને ભાડુ આપીશું.

કાછીયા—વારૂ ઠીક. ચાલો ભગાભાઇ સાથે. (ભગલાને લઇ ને કાછીયો જાય છે.)

નાથુડી—કેમ આજ આટલા બધા હરખમાં આવી ગયા છો વારૂ ? કંઇ ઘેલછા બેલછા લાગી છે કે શુ ?

નરસીયો—જારે ગાંડી જા ! તુ તો સદા આવીજ રહી કે ? આજે તો સોનાનો સુરજ ઉગ્યો છે, હવે આપણાં ભાગ્ય તો સાબુએ ધોયા વીના ઉઘડી ગયાં.

નાથુડી—પણ ઓય. હું મરૂં રે. એટલું બધું શું છે?

નરસીંગો—જો સાંભળ. આજ શેઠની હજામત કરવા ગયો હતો ત્યાં શેઠના પર તેમના આડતીયાનો કાગળ આવ્યો કે લશ્કર આવનાર છે માટે સામાન ભરી રાખજો તેથી શેઠે તો ગુમાસ્તાને તાબડતોબ મોદીખાને મોકલ્યો ને પછી ભાજીવાળાને ત્યાં જવાનું કહ્યું, તેથી મેં તો હજામત ઊતાવળી કરી તેમના લેવા પેહેલાં બધી ભાજી ખરીદી લીધી એમાં આપણુને સારો તડાકો પડશે ને રહેજ બસો ચારશો મળશે.

નાથુડી—ઓગરે હું વારી જાઊંરે વરણાગીયા!

નીસાર તેરે નખરે નાજે અદાપર નીસાર એ રાગ.

આનંદ મારા વ્હાલા, આજે છે આનંદ અપાર. ટેક

રૂપૈયા રળશો શેઠીયા બનશો, ફરશો મુછે દેઇ તાર. આન.

કલાં ને કાંબીયો મુને અપાવશો, સાડીયો સુંદર સાર આન.

ધન્ય ધન્ય આ દા'ડો પ્રભુ આવીયો, થાપીશો ઊરેકરાર આન.

(સર્વે હરખે છલકાઇ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—શાક મારકીટની વખારો.

પાત્ર—બગલો કાછીયા તથા તોલના ા.

બગલો—વાહ! વાહ! વાહ! વાહ! વાહ! વાહ!

અમન ચમન કરશે બદા વાહવા ટેક

ધોતીજોડા નવા લાવશું, પેહેરૂ પાઘડી એશ;

અસ્રીબંધ અંગરખા પ્હેરી નવો રાખવું ખેશ. વાહ.

લઇ લાકડી લાલ મઝાની, ફરશુ અકકડબંધ;

રેશમનો ગુંથાવી ધાલુ, ગળે ગળેબધ. વાહ.

કાછીયા—લ્યો હવે તમે તોળી રહ્યા કે કેમ.

તોલનારા—હવે આટલું ગાડું બાકી રહ્યું છે તે તોલી લઇએ છીએ.

ભગલો—ઝટ કરો લ્યો હું બીજી વખારોએ તાળાં વાસી આવું (એમ કહી તાળાં વાસો આવે છે તોલનારા તોલી રહે છે એટલે પૈસા આપી સૌને વિદાય કરી ઘેર જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ છપ્પનશાહનુ ઘર.

પાત્ર—છપ્પનશાહ. ઘબ્બલીયો, પાછળથી નરસીયો.

છપ્પનશાહ—કેમ ઘબ્બલીયા ! નરસીયા ચરકીનો ઠીક ઘાટ ઘડયોને ? રાંડનો આપણુને ઠગવા આવ્યો ત્યારે ઠીક શીક્ષા પામ્યોને સાળી ગાંયજાની જાતજ અદેખી.

ઘબ્બલીયો—હા શાબ ! તમે ઠીક તાલ લગાવી રાંડનો મારા પેહેલા ત્યાં જઇ બધી ભાજી ખરીદ કરી ગયો હતો. મારે એજ દાવનો (એવામાં નરસીયો આવેછે.)

નરસીયો—કેમ શેઠ સાબ લશ્કર હજુ કેમ ન આવ્યું ?

છપ્પનસાહ—એનો બધુ બારો બાર ગયુ તેથી અમારે પણ સીધું વેચી નાંખવું પડયુ.

ઘબ્બલીયો—તો પણ પૈસાતો સારા ઉપજ્યા શેઠ.

નરશીયો—(મનમાં) પણ તારૂ નખોદ જાય તારૂં, મારે તો રામાયણ વળી ને ચૌદસોની ભાજી કીયો મારો બાપ લેશે ! ચાલ હવે તો બજારમાં જઇ વેચી નાંખુ. (પ્રકાશ) શેઠ હું જાઉ છું સાંજે આવશ.

છપ્પનસાહ—વારૂ ઠીક. (નરસીયો જાયછે.) રાંડનાનું મોહું તો ઉતરી ગયુંછે ઘબ્બલીયા.

ઘબ્બલીયો—પણ બાઇ સાબ તેની ભાજી તો બધી બગડી ગઈ હશે કેમકે ગાંયજાભાઇને તે સાચવતાં ક્યાંથી આવડે.

છપ્પનશાહ—બોગ એના ચાલ પેઢીપર જઇએ. (જાયછે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—શાક મારકીટની વખાર. પાત્ર—કાછીયા ને નરસીયો.

નરસીયો—લ્યો આ કુચીઓ જુઓ વખારોનો માલ વ-

બારો ઉઘાડી જુવેછે તો ઘણું ભાગ સડી ગયેલી જોઈ.)

કાછીયા—અરરર ! બાપરે ! આવો માલતો કુતરાંએ ન ખાય અમારેતો નથી, જોઈતી શેઠ.

નરસીયો—(ગભરાઈને) પણ હવે શા ભાવે રાખશો તે કહે શોની મારેતો ઓછે વત્તે કાઢી નાંખવીછે.

કાછીયા—આ બધાના રૂપીઆ બો આપીએ. કેમ બોલછે

નરસીયો—ના સવાનો આપો.

કાછીયા—અરે માનોની શેઠ નહીતો ઉપડામણના પૈસા ળેમશે.

નરસીયો—વારૂં બાપુ લાવો સોનો સો (રૂપૈયા લઈ નરસીંયો જાયછે રસ્તે જતાં જતાં.)

નરસીયો—નખાદ જાયરે તારૂં છપ્પનશાહ! મારા ગરીબનું ઘર માર્યું તેમા તારા હાથમાં શું આવ્યુ ? [વીચાર કરીને) નહીં નહીં પણ એમાં એનો શો વાક? વાંક રાંડ વીધાતાનો કાં મારો કે મેં નાહક તેની અદેખાઇ કરી બાઇઆ ! તમે કદી ભુલ્યે ચુકયે પણ કોઇની અદેખાઈ ન કરતા નહીંતો ખાડો ખાદે તે પડે તેમ તમારો સ્થાતી થશે. (એમ કહી રૂપાયાને રડતો ઘેર જાયછે)

સર્વે પાત્રો—(મારા ભાગ્ય તણો નહીં પાર. એ રાગ.)

કોઇના કરો અદેખાઇ યાર, નહીં તો થાશે બારી ખ્વારી. ટેક.
જોયો તમે આ નજરે સૌએ, નરસીયાનો ખેલ;
જાન મહીં મોહ્યાકાંણુ, પળીને થયા વાવચરકેલ. કોઇના૦
છપ્નશાહે છેતરપીંડી કરી કર્યો તો ખ્વાર;
એવા કોઇ માંથાનો મળતાં, આપે દુઃખ અપાર.—કોઇના૦
આર્ય જનોના હીતના માટે, હુરીલાલ કહેસાચું;
ઉપરની શીખામણ માનો, નહીતો જાગે કાચું.—કોઇના૦

પુર્ણ.

જાહેર ખબર.

ઇંગ્લીશ ગ્રામર ભા. ૧	૧—૮—૦	દરેક ચોપડીનું પોસ્ટેજ ૫ પૈ ખર્ચ માફ
ઇંગ્લીશ ગ્રામર ભા. ૨	૧—૦—૦	
ઉસ્તાદી ગાયન સમૂહ	૦—૬—૦	
વાડીલાલ ગુલાબનો કેસ.	૧—૦—૦	

આમાનું ગમે—એક પુસ્તક વાંચવાની મરજી હોય તેણે મફત પોસ્ટેજ બદલ અડધા આનાની ટીકીટ મોકલવી.

અમારી દવાનાં નામના લીસ્ટો મંગાવનારને મફત મોકલવામાં આવશે.

હરીલાલ ભગવાનલાલ વૈદ્ય

અધીપતી આયુષ્ય આરોગ્ય વર્ધક ઔષધાલય.

અમદાવાદ માંડવીની પોળમાં લાખાપટેલની પોળ

ઘર નંબર ૨૨૫ અથવા ગામમાં.